ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

P G V C L

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૫/૧૮-૧૯/ 4434 તારીખ : 1 OCT 2018

કેસ ન. ૬૫/૧૮-૧૯.

પ્રતિ,

**હરપાલસિંહ ઇન્દ્રસિંહ,**

બ્લોક નં. ૧૨, ચંદ્રનગર,

પ્રેરણાપાર્ક, રૂપાળીબા મંદિર રોડ,

સુરેન્દ્રનગર.

મો : ૭૦૧૬૫ ૬૨૬૨૪.

**વિષય** : ખેતીવાડી વીજ જોડાણમાં નામ ટ્રાન્સફર કરી આપવા બાબત.

**સંદર્ભ** : આપનો પત્ર તા. ૧૫.૦૬.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા. ૧૨.૦૯.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, રાજ સીતાપુર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૬૫/૧૮-૧૯ ☜

વાદી :– શ્રી હરપાલસિંહ ઇન્દ્રસિંહ

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૧૨/૦૯/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી હરપાલસિંહ ઇન્દ્રસિંહ – પોતે

પ્રતિવાદી :– શ્રી જી.સી. વડગાસિયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.

શ્રી હરપાલસિંહ ઇન્દ્રસિંહ, મુ.સુરેન્દ્રનગર ની ખેતીવાડી કનેકશનના નામ ફેરફાર બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૫/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૬૫/૧૮-૧૯ /૨૯૮૫ તા.૦૪.૦૭.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૧૨.૦૯.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી જી.સી. વડગાસિયા,કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ આપ સાહેબને જણાવાનું કે આપની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા ભાદર ગામના જમીન સર્વે નં ૭૦ પેકી ઉપર વીજ જોડાણ ગ્રાહક ન. ૭૨૭૩૬/૦૧૨૦૮/૯થી શ્રી કનકસિંહ સમરસિંહ ઝાલા ના નામે ધરાવીયે છીએ.

૧.૨ આ કનેક્શન પર શ્રી કનકસિંહ સમરસિંહ અને અમારા પિતાશ્રી ઇન્દ્રવિજયસિંહ સમરસિંહ મજમું ખેત ખાતું નોંધ નં ૧૬૭૩ મુજબ ધરાવતા હતા.

૧.3 ત્યારબાદ ભાઈઓ ભાગ પડતા અમારા પિતાશ્રી સ્વ. ઈન્દ્રવિજયસિંહ સમરસિંહના ભાગે સ.ન. ૭૦ ૬ હક્ક પત્રક નંબરની નોંધ નં ૨૦૨૪થી આવેલ, જે જમીન માંથી અમારા પિતાશ્રી દ્વારા હરદેવસિંહ કનકસિંહ ને સ.નં. ૭૦ પેકી વેચાણ કરેલ અને ત્યારબાદ શ્રી



Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

હરદેવસિંહ કનકસિંહ પાસેથી સ.નં. ૭૦ પેકીની જમીન અમારા પિતાશ્રી દ્વારા રજી. દસ્તાવેજથી વેચાણ લેતા સ.ન. ૭૦ પેકી ૧ અને ૭૦ પેકી ૨ બનેના માલિકી હક્ક અમારા પિતાશ્રીને થયેલ, અમારા પિતાશ્રીનું મુત્યુ થતા સદર જમીન વરસાય હક્કથી અમો વારસદાર હરપાલસિંહ ઈન્દ્રવિજયસિંહ ઝાલા તેમજ મહાશ્વેતાબા ઈન્દ્રવિજયસિંહ અને લત્તાબા ઈન્દ્રવિજયસિંહના નામે થયેલ.

૧.૪ સદર ખેત જમીન હાલ અમો સયુંકત ભોગવટાની હોય વીજ જોડાણનં ૭૨૭૩૬/૦૧૨૦૮/૯ કનકસિંહ ઈન્દ્રવિજયસિંહ થી હરપાલસિંહ ઈન્દ્રવિજયસિંહના નામે કરી આપવા સ્વ. કનકસિંહ સમરસિંહની સમંતી માંગેલ.

૧.૫ જે કારણોસર સદર વીજ જોડાણ હાલમાં આશરે ૩૩ વર્ષ પહેલા મુત્યુ પામેલ સ્વ. શ્રી કનકસિંહ સમરસિંહના નામેથી અમોના નામે ફેરફાર થતું નથી, વધુમાં જણાવવાનુંકે સદર જમીન ઉપર વીજ જોડાણ છે તેની એન્ટ્રી પણ ગામ નમુના નં ૭ અને ૧૨ માં છે તેમજ તલાટીશ્રી નો દાખલો પણ છે જેથી ઉપરોક્ત હકીકત ધ્યાને લઈ સદર વીજ જોડાણ અમોના નામે તાત્કાલિક કરી આપવા આપ સાહેબને વિનંતી છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,</u>

૨.૧ ઉપરોક્ત વિષયે આપ સાહેબને જણાવાનું કે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા ભાદર ગામના વીજ ગ્રાહક ન. ૭૨૭૩૬/૦૧૨૦૮/૯ શ્રી કનકસિંહ સમરસિંહ ઝાલા ના વારસદાર એવા શ્રી હરપાલસિંહ ઈન્દ્રવિજયસિંહ ઝાલા દ્વારા માનનીય ફોરમ સમક્ષ ફરિયાદ કરવામાં આવેલ છે. તે સબબ આપ સાહેબને જણાવાનું કે શ્રી હરપાલસિંહ ઝાલા અત્રેની કચેરીએ અરજી કરવા આવેલ ત્યારે અત્રેની કચેરીના કર્મચારી દ્વારા સદર નામફેર ની અરજી માં જોઈતા જરૂરી દસ્તાવેજી આધાર પુરાવાઓ ની યાદી આપવામાં આવેલ હતી.

૨.૨ પરંતુ તા.૧૯.૦૭.૨૦૧૮ સુધી તેમના દ્વારા જરૂરી આધારો રજુ કરાયેલ ન હતા.અને સદર ગ્રાહક ન. વાળા કનેક્શનની કેશ ફાઈલ કચેરીમાં શોધખોળ કરવામાં આવેલ પરંતુ વીજ ગ્રાહક ન. ૭૨૭૩૬/૦૧૨૦૮/૯ વાળા ની કેસફાઈલ મળી આવેલ નથી. પરંતુ આપની કચેરીનો પત્ર આવતા નીચે સહી કરનાર દ્વારા તેમને ફોન કરીને પણ દસ્તાવેજો મંગાવેલ હતા. આમ છતાં પણ તેમના દ્વારા કોઈ આધારો રજુ ન થતા અરજદારને પત્ર લખીને જરૂરી આધારો મંગાવેલ હતા. જે પેકી તેમના દ્વારા અધૂરા આધારો કચેરીએ આવીને બતાવેલ હતા.જે આધારોમાં પણ અધુરાશ હોતા શ્રીહરપાલસિંહ ઈન્દ્રવિજયસિંહ ને પરત કરેલ હતા.

૨.૩ કંપનીના નિયમ મુજબના જરૂરી આધારો રજુ કર્યેથી તેમના નામે નામફેર કરી આપવામાં આવશે. જે આપ સહેબની જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂં.



Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar

☛ ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી હરપાલસિંહ ઇન્દ્રસિંહની ફોરમને રજૂઆત છે કે ભારદ ગામમાં સર્વે નં. ૭૦માં તેઓ કનકસિંહ સમરસિંહના નામે ખેતીવાડી જોડાણનું ગ્રા.નં. ૭૨૭૩૬/૦૧૨૦૮/૯ થી ખેતીવાડી વીજ જોડાણ ધરાવે છે

૩.૨ વાદી અરજદારે સ.ન. ૭૦માં કનકસિંહ સમરસિંહના નામ માં હયાત ખેતીવાડી વીજ જોડાણને હરપાલસિંહ ઇન્દ્રસિંહ ના નામે ફેરવવા માટે અરજી નોંધણી કરાવવા ગયેલ પરંતુ પ્રતિવાદીની રાજ સીતાપર પે.વી. કચેરીએ પૂરતા દસ્તાવેજો ન હોઈ અરજી નોંધણી કરાવવાની ના પાડેલ.

૩.૩ વાદીએ રજુ કરેલ સ.નં. ૭૦ના રેવેન્યુ દસ્તાવેજ, ફોરમને કરેલ રજૂઆત અને પ્રતિવાદીએ ફોરમને આપેલ જવાબ પરથી તેવી હકીકત સ્પષ્ટ થાય છે કે સ.ન. ૭૦ની જમીન કનકસિંહ સમરસિંહ ( જેના નામે હયાત જ જોડાણ ચાલુ છે) તેમજ વાદી અરજદારના પિતા ઇન્દ્રવિજયસિંહ સમરસિંહના નામેં સયુંકત ભાગીદારીમાં હતી.

3.૪ વાદીએ રજુ કરેલ રેવેન્યુ દસ્તાવેજ જોતા સ.ન. ૭૦નાં ભાગ પડતા તે સ.નં. ૭૦ની જમીન ઈન્દ્રવિજયસિંહ ભાગ માં આવેલ તેમજ હાલ પણ સ.ન. ૭૦ની જમીન ઈન્દ્રવિજયસિંહ સમરસિંહના વારસદારો (૧) હરપાલસિંહ (૨)મહાસ્વેતાબા ઈન્દ્રવિજયસિંહ તથા (3) લત્તાબા ઇન્દ્રવિજયસિંહનાં સયુંકત નામે આવેલ છે.

૩.૫ વાદીએ આજરોજ ફોરમ સમક્ષ ઉર્જાને પેટ્રોકેમિકલ્સ વિભાગનો પરિપત્ર નં ૬૧ તા. ૦૯.૦૨.૧૭નો નામ ફેરફારના નિયમો ફેરફાર બાબતનો રજુ કરેલ છે. જે પત્રના ક્લોઝ નં. ૬ (બ)(૫) મુજબ " જરૂરી સિક્યુરિટી ડીપોઝીટની રકમ વસુલ લેવાની રહેશે તેમજ હયાત સિક્યુરિટી ડીપોઝીટની રકમ ટ્રાન્સફર કરવા માટે ડીપોઝીટ ભરેલ અસલ પાવતી અને જો પાવતી ન હોય તો જરૂરી રકમનો ઇન્ડેમ્નનીટી બોન્ડ (જરૂરી રકમનો એક જ સ્ટેમ્પ પેપર પર ) સાથે હયાત ગ્રાહકની સમંતિ મેળવવાની રહેશે. જો મૂળ ગ્રાહક મરણ પામેલ હોય તેવા કિસ્સામાં મરણનો દાખલો રજુ કરવાનો રહેશે." તેમજ આ પત્રના ક્લોજ નં ૬ (બ) ( ૧ થી ૫ ) મુજબના આધાર પુરાવા રજુ કરવા જરૂરી છે.

૩.૬ પ્રતિવાદીએ ફોરમને આપેલ લેખિત રજુઆતમાં પ્રતિવાદીએ જણાવેલ છે કે ઈન્દ્રવિજયસિંહ સમરસિંહ ઝાલાના વારસદારો પોતાના નામે નામફેર કરવા માટે હકદાર છે. પરંતુ સયુંકત માલિકી હોય બાકીના વારસદારોની સહમતી દર્શાવતું નોટરાઈઝડ કરેલ " નાં વાંધા પત્ર " ( સહમતી પત્ર ) રજુ કરવું જરૂરી છે.

-૪-

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૭ પ્રતીવાદીના રાજસીતાપર પે.વી. કચેરીના નાયબ ઈજનેર એ વાદીને તા. ૧૦.૦૭.૧૮નાં રોજ લખેલ પત્રના અનુસંધાન નં. ૬ માં કનકસિંહ સમરસિંહ ઝાલાના તમામ વારસદારોની નોટરાઈઝડ સમંતિ માંગેલ છે જે ઉપર તારણ નં ૩.૬ મુજબ જો હયાત ગ્રાહક મુત્યુ પામેલ હોઈ તો તેનું મરણ પ્રમાણપત્ર લેવું જરૂરી છે તેના વારસદારોની સમંતિપત્રની જરૂર નથી.

૩.૮ તારણ નં ૩.૫, ૩.૬ અને ૩.૭ મુજબ વાદી અરજદાર જો હયાત ખેતીવાડી વીજ જોડાણને કનકસિંહ સમરસિંહના નામ પરથી હરપાલસિંહ ઇન્દ્રવિજયસિંહના નામે ફેરવવા માંગતા હોય તો તેઓએ સ.ન. ૭૦ના બાકીના સહ હિસ્સેદારો/માલિકોની નોટરાઈઝડ કરેલ સહમતી પત્ર રજુ કરવું પડે., જે રજુ કર્યે પ્રતિવાદીએ વાદીની નામફેર માટેની અરજી નોંધણી કરવી અને નામફેર કરવા માટેની આગળની કાર્યવાહી નીયમોનુંસાર તાત્કાલિક કરવી.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રંજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે આથી "તારણ નં.૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે"**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (બી. જે. દવે)<br>સ્વતંત્ર સભ્યશ્રી | ગેરહાજર<br>(પી. એચ. માવાણી)<br>ટેકનીકલ સભ્યશ્રી | (એમ. આર.વજરીયા)<br>અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :–૧૨.૦૯.૧૮.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar